BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH
( Established vide Government of Gujarat Act No. 23/2015 )
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ
( ગુજરાત અધિનિયમ નં. ૨૩ / ૨૦૧૫ દ્વારા સંચાલિત )

**પરીપત્ર:**

**વિષય : આગામી સમયમાં યોજનાર D.M.L.T. પરીક્ષાના, પરીક્ષા ફોર્મની ઓનલાઇન એન્ટ્રી શરૂ કરવા બાબત.**

આથી ઉપરોક્ત વિષયે ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન D.M.L.T. કોલેજનાં આચાર્યશ્રી અને પ્રોફેસરશ્રીઓ તેમજ સંબધિત વિદ્યાર્થીઓને જણાવવાનુ છે કે, આગામી સમયમાં યોજનાર D.M.L.T. પરીક્ષાના, પરીક્ષા ફોર્મની ઓનલાઇન એન્ટ્રીની તારીખ નીચે મુજબ રહેશે. જે નિયત સમય મર્યાદામાં કોલેજ દ્વારા તેમના લોગીન મારફત એન્ટ્રી કરવાની રહેશે જેની સર્વે સંબધીતોએ નોંધ લેવી.

| ક્રમ | કોર્ષનુ નામ | રેગ્યુલર ફી (રેગ્યુલર ફી ૯૫૦/-) | લેઈટ ફી ( રેગ્યુલર ફી + ૫૦૦/-) | દંડાત્મક ફી (રેગ્યુલર ફી + ૫૦૦+૧૫૦૦/-) |
|---|---|---|---|---|
| 1 | D.M.L.T. (New & Old) | તા. ૨૫/૦૪/૨૦૨૨ થી તા. ૩૦/૦૪/૨૦૨૨ | તા. ૦૨/૦૫/૨૦૨૨ | તા. ૦૪/૦૫/૨૦૨૨ |

છેલ્લી તારીખ બાદ કરવામાં આવેલ સુધારો સોફટવેર સ્વીકારશે નહી જેની નોંધ લેવી તેમજ દંડાત્મક ફી ની તારીખ બાદ પણ જો કોઈ વિદ્યાર્થીના પરીક્ષા ફોર્મ ભરવાના બાકી રહી ગયેલ હોય, તો તેવા વિદ્યાર્થીઓના પરીક્ષા ફોર્મ અત્રેની યુનિવર્સિટી ખાતેથી ડબલ દંડાત્મક ફી [દંડાત્મક ફી * ૨(બે)] ભરી ભરવાનુ રહેશે.

દંડાત્મક ફી સાથેની છેલ્લી તારીખ બાદ ચાલુ કામકાજના દિવસ ૧(એક)માં ફરજિયાત પણે ફી મેમો, ચેકલિસ્ટ, તેમજ પરીક્ષા ફી ભર્યાની રસીદ પરીક્ષા વિભાગમાં જમા કરાવવાની રહેશે, જો કોલેજ દ્વારા નિયત સમયમર્યાદા બાદ પરીક્ષા ફોર્મ જમા કરવામાં આવશે, તો તેવી કોલેજના બેઠક નંબર જનરેટ થશે નહી, જેથી તેની સંપૂર્ણ જવાબદારી જે-તે કોલેજની રહેશે. જેની ગંભીરતાથી નોંધ લેવી તથા પરીક્ષા ફોર્મ ફી "રજીસ્ટ્રાર, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ" ના નામના ડીમાન્ડ ડ્રાફ્ટ દ્વારા ભરવાની રહેશે.

**ખાસ નોંધ:**

૧. દરેક વિદ્યાર્થીએ પરીક્ષા ફોર્મમા જે વિષય દર્શાવેલ હોય તે જ વિષયની કોલેજ દ્વારા સોફટવેરમાં એન્ટ્રી કરવી.
૨. કોલેજ દ્વારા પરીક્ષા ફોર્મની એન્ટ્રી થયા બાદ ફરજીયાત વેરીફાય કરી લેવાનુ રહેશે.[વેરીફાય કરેલ ફોર્મનુ જ ચેકલીસ્ટ/બેઠક નંબર જનરેટ થશે]
૩. પરીક્ષાના આવેદનપત્ર કોલેજે પોતાની પાસે રેકોર્ડમાં સાચવીને રાખવા જરૂર પડયે યુનિવર્સિટી દ્વારા મંગાવવામાં આવે તો રજુ કરવાનાં રહેશે.
૪. COVID-19 અંગે સરકારશ્રી દ્વારા વખતોવખત જાહેર કરવામાં આવેલ માર્ગદર્શિકાનું ચુસ્તપણે પાલન કરવાનુ રહેશે. કર્મચારીઓએ માસ્ક પહેરી(ફેસ કવર) તેમજ સામાજિક અંતર જાળવી ઉપરોક્ત કામગીરી કરવાની રહેશે.
૫ **D.M.L.T. કોર્ષના થીયરી પરીક્ષાની સંભવિત તારીખ ૦૯/૦૬/૨૦૨૨ થી ૧૩/૦૬/૨૦૨૨ સુધીમાં આયોજન કરવામા આવશે. જેની ખાસ નોંધ લેવી.**

ડૉ. ડી. એચ. સુખડીયા
**પરીક્ષા નિયામક**

ક્રમાંક/બીકેએનએમયુ/પરીક્ષા/૯૦૩/૨૦૨૨
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમ્પસ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ, ખડીયા, જૂનાગઢ-૩૬૨૨૬૩
તા. ૨૫/૦૪/૨૦૨૨

પ્રતિ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન પેરામેડિકલ D.M.L.T. કોર્ષના તમામ કોલેજના આચાર્યશ્રીઓ તેમજ માન્ય સંસ્થાના વડાઓ તરફ ....

**નકલ સાદર રવાના:-**

(1) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી(જાણ અર્થે)
(2) આઈ.ટી. સેલ (જરૂરી કાર્યવાહી અર્થે તેમજ વેબસાઈટ પર પ્રસિધ્ધ થવા અર્થે.)
(3) હિસાબી શાખા